# રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(મ્યુનીસીપાલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ

---

**ફોજદારી કેસ નં. ૧૦૫૪૦/૨૦૨૩**
**આંક–**

---

## FORM-A

| રાજકોટના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનીસીપાલ) (કે.આર.ગાગનાણી) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ. | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૮–૪–૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | **૧૦૫૪૦/૨૦૨૩** |
| **ગુના રજી. નં.** | પ્રધુમ્નનગરપો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૩૦૧૦૨ /૨૦૨૩ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે** | વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એન.ગોસાઈ |
| **આરોપી** | પ્રજેશ ઉર્ફે લાલો કીરીટભાઇ છત્રાલા રહે.રાજકોટ |
| **બચાવપક્ષે** | વિધ્વાન વકીલ શ્રી એ.આર.તોલાણી |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦–૨–૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૬–૨–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૭–૫–૨૦૨૩ |

| | |
|---|---|
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | -- |
| પુરાવાની શરુઆતની તારીખ | ૨૧-૫-૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૭-૪-૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮-૪-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | ---- |

-:આરોપીઓની વિગત:-

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રજેશ ઉર્ફે લાલો કીરીટ | ૧૫-૫-૨૦૨૩ | ૧૫-૫-૨૦૨૩ | ગુનો- જેલ અધિનિયમ કલમ-૫૨ મુજબ. | | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ભાઈ છત્રાલા | | | | | | |

## FORM–C

:–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW–1 | આંક–૭ મનજીભાઇ મેઘજીભાઈની જુબાની | ફરીયાદી |
| PW–2 | આંક–૧૫ જયદેવભાઇ રાણાભાઈની જુબાની | સાહેદ |
| PW–3 | આંક–૧૬ વિપુલભાઇ ચંદ્રકાંતભાઇ જુબાની | સાહેદ |
| PW–4 | આંક–૧૭ ધર્મદીપસિંહ મહેનદ્રસિંહ ની જુબાની | સાહેદ |
| PW–5 | આંક–૨૧ બાદરસિંહ કાનજીભાઈની જુબાની | ત.ક.અ. |
| PW–6 | આંક–૩૧ હર્ષિલ રાજેશકુમારની જુબાની | સાહેદ |
| PW–7 | આંક–૩૪ કરનસિંહ જોરસંગભાઈની જુબાની | ફરીયાદી |
| PW–8 | આંક–૩૭ રામગરભાઇ દોલતગરભાઇ ની જુબાની | ત.ક.અ. |

(બી). બચાવ પક્ષ.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW–1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | |

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot

(સી).અદાલત દ્રારા.

| અનું.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW–1 | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

:–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી–:

(એ). ફરીયાદ પક્ષ.

| અનું.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | જ્યુટી જેલરનો લેખીત રીપોર્ટ |
| ૨ | ૯ | ભુખ હડતાલનો રીપોર્ટ |
| ૩ | ૧૦ | ફરીયાદ દાખલ કરવા પરવાનગી પત્ર |
| ૪ | ૧૧ | ફરીયાદ રીપોર્ટ |
| ૫ | ૨૨ | ગુનો દાખલ કરવા ચાદી |
| ૬ | ૨૩ | અસલ એફ.આઇ.આર. |
| ૭ | ૨૪ | મધ્યસ્થ જેલનો રીપોર્ટ |

(બી). બચાવ પક્ષ દ્રારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(સી). અદાલત દ્રારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

## –ચુકાદો–

**ફરીયાદની ટુંકમાં હકીકત:–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની હકીકત છે કે,તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ આરોપી જામજોધપુર પો.સ્ટે.ગુ.ર.નં.૩૫/૨૦૧૦, આઇ.પી.સી.કલમ–૩૦૨, ૫૦૪ ના કામે એડી.સેસન્સ જજ કોર્ટ ખંભાળીયા દ્રારા તા.૪–૧૨–૨૦૧૨ ના રોજ આજીવન કેદની સજા થયેલ હોયઅને મજકુર હાલ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કેદી નં.૪૨૩૭૯ થી સજા ભોગવતા હોય આ

દરમ્યાન આરોપીએ કોઈપણ જાતની પૂર્વ મંજુરી વગર તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ થી ભુખ હડતાલ પર ઉતરી જેલ અધિનિયમની કલમ–૫૨ મુજબનો ગુનો કરેલ હોય, ફરીયાદીએ તે મુજબની ફરીયાદ આપી તેઓ વિરૂદ્ધ કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ છે.

**<u>ચાર્જશીટ દાખલ થયા બાદની કાર્યરિતી:–</u>**

**(૨)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતાં,

સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા, અને આરોપી હાજર થતાં, તેઓની સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ, આરોપી સામેના ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપી સામે સંહિતાની કલમ–૨૪૦ અન્વયે આરોપી વિરુધ્ધ આંક–૯ થી તહોમતનામું ફરમાવી, આંક–૧૦ થી નિવેદન નોંધતા, તેમણે તેઓની સામેનો આક્ષેપિત ગુન્હાનો ઈનકાર કરેલ હતો, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી સં હિતાની કલમ–૨૭૩ મુજબ આરોપીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

**<u>ફરીયાદી તથા આરોપી પક્ષેનો પુરાવો:–</u>**

**(૩)** ફરીયાદ પક્ષ તરફે તેઓ કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ સી મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે તેમજ આ

કામે આરોપી પક્ષ દ્રારા કોઈ પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી.

**આરોપીનું વિશેષ નિવેદન:–**

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તમામ બાબતોનો ઈન્કાર કરી તેઓએ કોઈ ગુનો કરેલ નથી, પોતે નિર્દોષ છે, ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

**ફરીયાદી અને આરોપીની દલીલો:–**

(૫) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદાની જોગવાઇ મુજબ મહત્તમ સજા કરવા જણાવેલ છે.

જયારે બચાવપક્ષના વિ.વકીલશ્રી એ.આર.તોલાણીએ તેઓની દલીલમા જણાવેલ છે કે ફરીયાદ ચાર દીવસ મોડી આપેલ છે. આરોપીની માંગણી શુ હતી તેવી કોઇ વિગત જણાવેલ નથી. કોઇ મેડીકલ પુરાવો નથી. ચાર દીવસ સુધી આરોપીનુ કોઇ મેડીકલ ટ્રીટમેન્ટ કરાવી હોય તેવી કોઇ વિગત રજુ રાખેલ નથી. તેમજ તે હકીકત પુરાવામા પણ જણાવેલ નથી.કોઇ ડોકટરને સાહેદ તરીકે તપાસેલ નથી તેમજ માત્ર પોલીસ સાક્ષી છે જે માની શકાય નહી જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**મુદાઓ:–**

(૬) કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદા | નિર્ણય |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરાવાર કરે છે કે, તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ આરોપી જામજોધપુર પો.સ્ટે.ગુ.ર. નં.૩૫/ ૨૦૧૦,આઇ.પી.સી.કલમ–૩૦૨,૫૦૪ ના કામે એડી. સેસન્સ જજ કોર્ટ ખંભાળીયા દ્બારા તા.૪–૧૨–૨૦૧૨ ના રોજ આજીવન કેદની સજા થયેલ હોયઅને મજકુર હાલ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કેદી નં.૪૨૩૭૯ થી સજા ભોગવતા હોય આ દરમ્યાન આરોપીએ કોઇપણ જાતની પૂર્વ મંજુરી વગર તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ થી ભુખ હડતાલ પર ઉતરી જેલ અધિનિયમની કલમ–૫૨ મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે? | નકારમા |
| ૨. | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

## <u>મુદા નં.૧ અને ૨ ના નિર્ણયના કારણો</u>

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી હકીકતો તથા દલીલોનું પુનરાવર્તન અટકાવવા તેની એક સાથે ચર્ચા/પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે છે. આરોપી વિરુદ્ધ જેલ અધિનિયમની કલમ–૫૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે, તેવા સમયે આરોપીઓ વિરુદ્ધનુ તહોમત વાજબી શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે છે.

૧. ઉપરોકત કાયદાકીય જોગવાઇઓ તથા ફરીયાદપક્ષે રજુ કરવામા આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામા આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક–૭ થી ફરીયાદી મનજીભાઇ મેઘજીભાઇની જુબાની રજુ થયેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે અમો હાલમાં જુનાગઢ મુકામે મારા પરિવાર સાથે રહું છું અને હું જેલર ગ્રુપ–૨ ના હોદ્દા ઉપરથી નિવૃત થયેલો છું. મેં રાજકોટ મુકામે જિલ્લા મધ્યસ્થ જેલમાં સને–૨૦૧૯ થી સને–૨૦૨૪ સુધી

જેલર તરીકે મારી ફરજ બજાવેલ છે. દરમ્યાન અમારી જેલમાં પાકા કામનાં કેદી તરીકે વ્રજેશ ઉર્ફે લાલો કિરીટભાઈ છત્રાલા જે પાકા કામનાં કેદી તરીકે હોય જેના નં.૪૨૩૭૯ નાં હતા અને તેને જામજોધપુર પોલીસ સ્ટેશનનાં ૩૦૨ નાં કામે તેઓને આજીવન કેદની સજા થતાં તેને જામનગર જેલમાંથી અમારી જેલમાં લાવવામાં આવેલા હતા. સદર આરોપી અવાર નવાર ઝઘડો કરવાની ટેવવાળો વ્યકિત હોય અને જેલનું વાતાવરણ ઉગ્ર બનાવી અને જેલના તં ત્રને બાનમાં લેવાની કોશીશ કરતો હોય અને વારંવાર બિન જરૂરી માંગણી કરીને ન માંગણીઓ સંતોષાયતો તે ભુખ હડતાલ ઉપર ઉતરી જતો હતો અને તેને સમજાવવા છતાં તે સમજતાં નહીં અને ભુખ હડતાલ ચાલુ રાખતાં અને વહીવટમાં તથા જેલમાં તનાવ ભર્યુ વાતાવરણ પેદા થાય તે રીતે વર્તતા હતા. મજકુર આરોપીને અમારી જેલમાં હાઈ સિકયુરીટીમાં રાખવામાં આવેલ હતા તેમ છતાં સદર વ્યકિત જેલ વહીવટ તંત્રને બાનમાં લેવા માટે અલગ અલગ માંગણીઓ કરી પ્રથમ ભુખ હડતાલ તા.૨૫/૦૧/૨૦૨૩ થી તા.૨૯/૦૧/૨૦૨૩ સુધી કરતાં તેઓને જેલ તંત્ર ધ્વારા સમજાવીને ભુખ હડતાલ પુર્ણ કરાવેલ હતી તેમ છતાં સદર વ્યકિત કારણ વગર કારણ ઉભું કરીને તા.૧૦/૦૨/૨૦૨૩ થી ભુખ હડતાલ ચાલું કરેલ અને તંત્ર ધ્વારા તેને સમજાવવા છતાં સમજેલ નહીં અને ભુખ હડતાલ ચાલું રાખેલ હતી. આજરોજ હું મારી સાથે તા.૧૦/૦૨/૨૦૨૩ નાં રોજનો ડયુટી જેલરનાં રીપોર્ટની ખરી નકલ સાથે લાવેલ છું જે રીપોર્ટ મુજબ ડયુટી જેલર અશોકસિંહ રાઠોડે અમારા જેલ અધિક્ષકશ્રીને આ અંગેનો લેખીત રીપોર્ટ કરેલહું મારી સાથે અમારા જેલ અધિક્ષકે ગુજરાત રાજય અમદાવાદ ખાતે અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી જેલ અને સુધારાત્મક વહીવટ ઓથોરીટીને તા.૧ ૪/૦૨/૨૦૨૩ નાં રોજ સદર આરોપીએ ભુખ હડતાલ કરેલ હોય જેનો રીપોર્ટ

કરેલો જેની ખરી નકલ આજરોજ હું મારી સાથે લાવેલ છું સદરહું પ્રકરણ અન્વયે જેલ અધિક્ષક જોષી સાહેબે તા.૧૪/૦૨/૨૦૨૩ નાં રોજ અમોને ફરીયાદ દાખલ કરવા પરવાનગી આપવામાં આવેલ આથી સદરહું ઈસમ કોઈપણ કારણ વગર જેલમાં વારવાર ભુખ હડતાલ કરતો હોય જેથી તેઓનાં વિરૂધ્ધ અમોએ હાલનાં બનાવની પ્રધ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં પી.આઈ.શ્રીને લેખીત ફરીયાદ રીપોર્ટ આપેલ આરોપી વ્રજેશ ને હું ઓળખું છું. આરોપી તરફેની ઉ.ત.મા તેઓ કબુલ રાખે છે કે તે વાત ખરી છે કે, કહેવાતા બનાવનાં અનુસંધાને હું કયારેય પોલીસ સ્ટેશને ગયેલો નથી. તે વાત ખરી છે કે, કહેવાતા બનાવનાં સમયે મારી જેલમાં કુલ કેટલા પાકા કામનાં કેદીઓ હતા તે હું કહી ન શકું. સાહેદ જાતે જણાવે છે કે, હું રજીસ્ટર જોઈને કહી શકું. જેલમાં મારી ફરજ ચોવીસ કલાકની હોય છે પરંતુ હું મારા કવાર્ટરમાં હોઉં છું અને મને જયારે જેલમાંથી બોલાવવામાં આવે ત્યારે હું હાજર થાવ છું. તે વાત ખરી છે કે, બધા આરોપીઓને હું અંગત રીતે ઓળખી શકું નહીં. તે વાત ખરી છે કે, આરોપીએ અગાઉ કોઈની સાથે ઝઘડો કરેલ હોય તેવી ફરીયાદ મારા ધ્વારા આપવામાં આવેલ નથી. તે વાત ખરી નથી કે, આરોપી અગાઉ તા.૨૫/૦૧/૨૦૨૩ થી તા.૨૯/૦૧/૨૦૨૩ સુધી ભુખ હડતાલ ઉપર હતો તે અંગેની વાત હું ખોટી જણાવું છું. તે વાત ખરી છે કે, તા.૨૫/૦૧/૨૦૨૩ થી તા.૨૯/૦૧/૨૦૨૩ સુધી આરોપી વિરૂધ્ધ મેં કોઈ ફરીયાદ આપેલી નથી. તે વાત ખરી છે કે, જેલની અંદર કેન્ટીનની સુવીધા હોય ત્યાં કેદીઓને ખાવા પીવા માટેની તેમજ જીવન જરૂરીયાતની અન્ય વસ્તુઓ મળી શકે છે. તે વાત ખરી છે કે, કોઈ આરોપી આખો સમય મારી નજર સમક્ષ હોતો નથી. તે વાત ખરી નથી કે, કહેવાતી ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો બનતો ન હોવા છતાં ખોટી ફરીયાદ આપી તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

તે વાત ખરી છે કે, આર.ટી.આઈ. કરવી તે અધિકારની બાબત છે. તે વાત ખરી છે કે, કેદીઓ ઈચ્છે તો જેલમાં આર.ટી.આઈ. કરી શકે છે. તે વાતનો મને ખ્યાલ નથી કે, આ કામનાં આરોપીએ કોઈ આર.ટી.આઈ. કરેલી કે કેમ. મને ફરીયાદ કરવા માટે જેલ સુપ્રિન્ટેડન્ટ સાહેબે કહેલું.

૨. ત્યારબાદ હાલના કામે અને આંક–૧૫ થી સાહેદ જયદેવભાઇ રાણાભાઈ ની જુબાની વંચાણે લેતા તેઓએ જણાવેલ છે કે હું હાલમાં બરોડા મુકામે જીલ્લા મધ્યસ્થ જેલ ખાતે જેલર તરીકે મારી છેલ્લા નવ માસ થી મારી ફરજ બજાવું છું. સને–૨૦૨૩ ની સાલમાં અમો રાજકોટ જેલમાં સુબેદાર તરીકે અમારી ફરજ બજાવતાં હતા તે દરમ્યાન અમારી જેલનાં જેલ એ.એમ.ચૌહાણએ આરોપી વ્રજેશ ઉર્ફે લાલો કિરીટભાઈ છત્રાલા સામે ફરીયાદ દાખલ કરાવેલ હતી જે અન્વયે સદરહું ઈસમ અમારી જેલમાં પાકા કામનાં કેદી તરીકે જેના નં. ૪૨૩૭૯ તરીકે નોંધાયેલા હતા જે ઈસમ ખંભાળીયા સેશન્સ કોર્ટ ધ્વારા ૩૦૨ નાં કામે તેઓને આજીવન કેદની સજા થતાં જામનગર જીલ્લા જેલ ખાતે થી રાજકોટ જેલ મુકામે પુન:વર્ગીકરણ મુજબ અમારી જેલમાં દાખલ કરેલા હતા સદરહું ઈસમ અવાર નવાર ઝઘડો કરવાની ટેવ ધરાવતો હોય અને જેલનું વાતાવરણ ઉગ્ર બનાવી જેલ તંત્રને બાનમાં લેવાની કોશીશ કરતો હોય પરંતુ તેઓને સમજાવવા છતાં સમજતો ન હોય અને ભુખ હડતાલ ચાલુ રાખતો હોય સદરહું ઈસમને હાઈ સિકયુરીટીમાં રાખવામાં આવેલ હતો તેમ છતાં પણ સદરહું ઈસમ જેલ વહીવટને બાનમાં લેવા માટે અલગ અલગ માંગણીઓ કરીને ભુખ હડતાલ કરતો હતો અને સદરહું ઈસમને અમારા જેલ તંત્ર ધ્વારા સમજાવીને ભુખ હડતાલ પુર્ણ કરાવેલ હતી પરંતુ આ ઈસમ કોઈક પણ કારણ ઉભું કરી ફરી ભુખ હડતાલ ચાલુ કરેલી હતી પરંતુ તેને સમજાવવા છતાં

તે તેની માંગણી અનુસાર ભુખ હડતાલ ચાલુ કરતો હતો આથી હાલનાં બનાવ બાબતે જે.એમ.ચૌહાણ નાં ઓએ સદરહું ઈસમ સામે પ્રિઝનર એકટની કલમ–પર મુજબ ફરીયાદ દાખલ કરાવેલી હતી. તપાસનાં કામે મારો તપાસનીશે જવાબ લીધેલો હતો. આ કામનાં આરોપીને હું ઓળખું છું જેલ જા પ્તાએ આજરોજ આરોપીને આજરોજ હાજર રખાવેલ નથી. બચાવપર્ક્ષે આરોપીની ઓળખની તકરાર જતી કરેલ છે. બચાવ પર્ક્ષે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવા સામે તકરાર નથી. આરોપી તરફે ઉલટતપાસમા એ હકીકનો સ્વીકાર કરેલ છે કે કહેવાતા બનાવનાં અનુસંધાને હું કયારેય પોલીસ સ્ટેશને ગયેલો નથી. કહેવાતા બનાવનાં સમયે મારી જેલમાં કુલ કેટલા પાકા કામનાં કેદીઓ હતા તે હું કહી ન શકું. સાહેદ જાતે જણાવે છે કે, હું રજીસ્ટર જોઈને કહી શકું. બધા આરોપીઓને હું અંગત રીતે ઓળખી શકું નહીં. જેલની અંદર કેન્ટીનની સુવીધા હોય ત્યાં કેદીઓને ખાવા પીવા માટેની તેમજ જીવન જરૂરીયાતની અન્ય વસ્તુઓ મળી શકે છે. કોઈ આરોપી આખો સમય મારી નજર સમક્ષ હોતો નથી. આર.ટી.આઈ. કરવી તે અધિકારની બાબત છે. કેદીઓ ઈચ્છે તો જેલમાં આર.ટી.આઈ. કરી શકે છે. તે વાતનો મને ખ્યાલ નથી કે, આ કામનાં આરોપીએ કોઈ આર.ટી.આઈ. કરેલી કે કેમ.

૩. આંક–૧૬ થી સાહેદ વિપુલભાઈ ચંદ્રકાંતભાઈની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે હું હાલમાં રાજકોટ જીલ્લા મઘ્યસ્થ જેલમાં છેલ્લા સાડાચાર વર્ષથી ફરજ બજાવું છું તે દરમ્યાન અમારી જેલનાં જેલ એ.એમ.ચૌહાણનાં ઓએ આરોપી વ્રજેશ ઉર્ફે લાલો કિરીટભાઈ છત્રાલા સામે ફરીયાદ દાખલ કરાવેલ હતી જે અન્વયે સદરહું ઈસમ અમારી જેલમાં પાકા કામનાં કેદી તરીકે જેના નં. ૪૨૩૭૯ તરીકે નોંધાયેલા હતા જે ઈસમ ખંભાળીયા સેશન્સ

કોર્ટ ધ્વારા ૩૦૨ નાં કામે તેઓને આજીવન કેદની સજા થતાં જામનગર જીલ્લા જેલ ખાતે થી રાજકોટ જેલ મુકામે પુન:વર્ગીકરણ મુજબ અમારી જેલમાં દાખલ કરેલા હતા સદરહું ઈસમ અવાર નવાર ઝઘડો કરવાની ટેવ ધરાવતો હોય અને જેલનું વાતાવરણ ઉગ્ર બનાવી જેલ તંત્રને બાનમાં લેવાની કોશીશ કરતો હોય પરંતુ તેઓને સમજાવવા છતાં સમજતો ન હોય અને ભુખ હડતાલ ચાલુ રાખતો હોય સદરહું ઈસમને હાઈ સિકયુરીટીમાં રાખવામાં આવેલ હતો તેમ છતાં પણ સદરહું ઈસમ જેલ વહીવટને બાનમાં લેવા માટે અલગ અલગ માં ગણીઓ કરીને ભુખ હડતાલ કરતો હતો અને સદરહું ઈસમને અમારા જેલ તંત્ર ધ્વારા સમજાવીને ભુખ હડતાલ પુર્ણ કરાવેલ હતી પરંતુ આ ઈસમ કોઈક પણ કારણ ઉભું કરી ફરી ભુખ હડતાલ ચાલુ કરેલી હતી પરંતુ તેને સમજાવવા છતાં તે તેની માંગણી અનુસાર ભુખ હડતાલ ચાલુ કરતો હતો આથી હાલનાં બનાવ બાબતે જે.એમ.ચૌહાણ નાં ઓએ સદરહું ઈસમ સામે પ્રિઝનર એકટની કલમ–પર મુજબ ફરીયાદ દાખલ કરાવેલી હતી. તપાસનાં કામે મારો તપાસનીશે જવાબ લીધેલો હતો. આ કામનાં આરોપીને હું ઓળખું છું આરોપી તરફે ઉલટતપાસમા એ હકીકનો સ્વીકાર કરેલ છે કે કહેવાતા બનાવનાં અનુસં ધાને હું કયારેય પોલીસ સ્ટેશને ગયેલો નથી. કહેવાતા બનાવનાં સમયે મારી જેલમાં કુલ કેટલા પાકા કામનાં કેદીઓ હતા તે હું કહી ન શકું. સાહેદ જાતે જણાવે છે કે, હું રજીસ્ટર જોઈને કહી શકું. બધા આરોપીઓને હું અંગત રીતે ઓળખી શકું નહીં. જેલની અંદર કેન્ટીનની સુવીધા હોય ત્યાં કેદીઓને ખાવા પીવા માટેની તેમજ જીવન જરૂરીયાતની અન્ય વસ્તુઓ મળી શકે છે.કોઈ આરોપી આખો સમય મારી નજર સમક્ષ હોતો નથી. આર.ટી.આઈ. કરવી તે અધિકારની બાબત છે.તેવાત ખરી છે કે, કેદીઓ ઈચ્છે

તો જેલમાં આર.ટી.આઈ. કરી શકે છે.તે વાતનો મને ખ્યાલ નથી કે, આ કામનાં આરોપીએ કોઈ આર.ટી.આઈ. કરેલી કે કેમ.

૪. આંક–૧૭ થી સાહેદ ધર્મદિપસિંહ મહેન્દ્રસિંહની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે હું હાલમાં રાજકોટ જીલ્લા મધ્યસ્થ જેલ ખાતે સિપાઈ તરીકે મારી છેલ્લા પાંચ વષથી મારી ફરજ બજાવું છું. સને–૨૦૨૩ ની સાલમાં અમો રાજકોટ જેલમાં સહાયક તરીકે અમારી ફરજ બજાવતાં હતા તે દરમ્યાન અમારી જેલનાં જેલ એ.એમ.ચૌહાણનાંઓએ આરોપી વ્રજેશ ઉર્ફે લાલો કિરીટભાઈ છત્રાલા સામે ફરીયાદ દાખલ કરાવેલ હતી જે અન્વયે સદરહું ઈસમ અમારી જેલમાં પાકા કામનાં કેદી તરીકે જેના નં. ૪૨૩૭૯ તરીકે નોંધાયેલા હતા જે ઈસમ ખંભાળીયા સેશન્સ કોર્ટ ધ્વારા ૩૦૨ નાં કામે તેઓને આજીવન કેદની સજા થતાં જામનગર જીલ્લા જેલ ખાતે થી રાજકોટ જેલ મુકામે પુન:વર્ગીકરણ મુજબ અમારી જેલમાં દાખલ કરેલા હતા સદરહું ઈસમ અવાર નવાર ઝઘડો કરવાની ટેવ ધરાવતો હોય અને જેલનું વાતાવરણ ઉગ્ર બનાવી જેલ તંત્રને બાનમાં લેવાની કોશીશ કરતો હોય પરંતુ તેઓને સમજાવવા છતાં સમજતો ન હોય અને ભુખ હડતાલ ચાલુ રાખતો હોય સદરહું ઈસમને હાઈ સિકયુરીટીમાં રાખવામાં આવેલ હતો તેમ છતાં પણ સદરહું ઈસમ જેલ વહીવટને બાનમાં લેવા માટે અલગ અલગ માંગણીઓ કરીને ભુખ હડતાલ કરતો હતો અને સદરહું ઈસમને અમારા જેલ તંત્ર ધ્વારા સમજાવીને ભુખ હડતાલ પુર્ણ કરાવેલ હતી પરંતુ આ ઈસમ કોઈક પણ કારણ ઉભું કરી ફરી ભુખ હડતાલ ચાલુ કરેલી હતી પરંતુ તેને સમજાવવા છતાં તે તેની માંગણી અનુસાર ભુખ હડતાલ ચાલુ કરતો હતો આથી હાલનાં બનાવ બાબતે જે.એમ.ચૌહાણ નાં ઓએ સદરહું ઈસમ સામે પ્રિઝનર એકટની

કલમ–પર મુજબ ફરીયાદ દાખલ કરાવેલી હતી. તપાસનાં કામે મારો તપાસનીશે જવાબ લીધેલો હતો. આ કામનાં આરોપીને હું ઓળખું છું આરોપી તરફે ઉલટતપાસમા એ હકીકનો સ્વીકાર કરેલ છે કે કહેવાતા બનાવનાં અનુસંધાને હું કયારેય પોલીસ સ્ટેશને ગયેલો નથી. તે વાત ખરી છે કે, કહેવાતા બનાવનાં સમયે મારી જેલમાં કુલ કેટલા પાકા કામનાં કેદીઓ હતા તે હું કહી ન શકું. બધા આરોપીઓને હું અંગત રીતે ઓળખી શકું નહીં. જેલની અંદર કેન્ટીનની સુવીધા હોય ત્યાં કેદીઓને ખાવા પીવા માટેની તેમજ જીવન જરૂરીયાતની અન્ય વસ્તુઓ મળી શકે છે.કોઈ આરોપી આખો સમય મારી નજર સમક્ષ હોતો નથી. હું મારી ફરજ ઉપર હાજર હોઉં અને આરોપી સંદતર મારી નજરની સામે ન હોય. આર.ટી.આઈ. કરવી તે અધિકારની બાબત છે. કેદીઓ ઈરછે તો જેલમાં આર.ટી.આઈ. કરી શકે છે. તે વાતનો મને ખ્યાલ નથી કે, આ કામનાં આરોપીએ કોઈ આર.ટી.આઈ.કરેલી કે કેમ.

૫. આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર બાદરસિંહ કાનજીભાઈની જુબાનીમા તેઓએ જણાવેલ છે કે ને ૨૦૨૩ ની સાલમા રાજકોટ મુકામે પ્રધ્યુમ્ન નગર પો.સ્ટે.મા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન પી.એસ.ઓ. સી.જે.ઝાલા પાસે તા.૧૪–૨–૨૩ ના રોજ મધ્યસ્થ જેલના જેલર એમ.એમ.ચૌહાણનાએ પી.આઈ.ને ઉદેશીને લેખીત ફરીયાદ આપેલ હયો જે અન્વયે ગુનો દાખલ કરવા સારૂ યાદી કરેલ, સદર ગુનાની તપાસ અમાર તરફ આવતા તપાસના કામે સાહેદોના નિવેદન નોંધાવ્યા મુજબનુ નોંધી કામમા સામેલ રાખેલ તથા આરોપી રાજેશ ઉર્ફે લાલો કીરીટ છત્રાલાને નોટીસ આપેલ તેમજ આરોપી વ્રજેશને અમદાવાદ મુકામેથી રાજકોટ મધ્યસ્થ જેલ, સુરત ખાતે બદલી કરેલ હોય તે અંગેનો રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ અને પુરી તપાસના અંતે આરોપીએ જામજોધપુરના ગુ.રી.નં.૩૫/૧૦ ના કામે ખંભાળીયાના નામ.એડી.ડીસ્ટ્રીક્ટ જજ સાહેબે આજીવન કેદની સજા

કરેલ હોય આરોપી રાજકોટ મધ્યસ્થ જેલ ખતા પાકા કેદીનં.૪૨૩૭૯ થી સજા ભોગવતા હોય દરમ્યાન આરોપીએ કોઇ પૂર્વ મંજુરી વગર તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ ભુખ હડતાલ પર ઉતરી ગુનો કરેલ હોય પુરતો પુરાવો મળી આવતા તેઓ વિરૂદધ ચાર્જશીટ દાખલ કરેલ ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે કહેવાતા બનાવમા પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇના નિવેદનો લીધેલા નથી. આ કામના આરોપીનુ કોઇ મેડીકલ એક્ઝામીનેશન કરાવેલ નથી. કોઇ ડોકટરનો અભિપ્રાય પણ લીધેલ નથી.

<u>પુરાવાનુ મુલ્યાંકન</u>

(૮) હાલના કામે ફરીયાદી, અન્ય પોલીસ સાહેદો તેમજ તપાસ કરનાર અમલદારની જુબાની નોંધાયેલ છે. હાલના કામે ફરીયાદી અને તપાસ કરનાર અમલદા તેમજ પોલીસ સાહેદોની જુબાની વંચાણે લેતા તેમા હાલની ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે પરંતુ હાલના કામે બનાવના ચાર દીવસ બાદ ફરીયાદ આપેલ છે જે ફરીયાદ મોડી આપવા બાબતે કોઇ ખુલાસો રેકર્ડ પર આવેલ નથી. વધુમા હાલના કામે ફરીયાદી તેમજ તપાસ કરનારની જુબાનીમા આરોપીએ કંઇ બાબતે અથવા તો શુ માંગણીને લઇને ભુખ હડતાલ કરેલ હતી તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમા હાલના કામે આરોપી ભુખ્યા હોવા બાબતે કોઇ મેડીકલ પુરાવો તપાસ કરનાર અમલદાર દ્ધારા રજુ રાખવામા આવેલ નથી. તેમજ આ કામે આરોપીનુ ચેકઅપ કરેલ હોય કે તે બાબતે આવા કોઇ ડોકટર સાહેદશ્રીને પણ તપાસેલ નથી. જયારે હડતાલ કરેલ હોય ત્યારે બીજા પણ કેદીઓ હાજર હોય તેમ છતા બીજા કોઇ કેદીઓના નિવેદનો લેવામાં આવેલ નથી. કોઇપણ વ્યકિત ચાર દીવસ સુધી ભુખ્યો રહી શકે નહિ. વધુમા હાલના કામે જે કોઇ સાહેદ તપાસેલ છે તે માત્ર પોલીસ સાહેદ છે. હાલના કામે સ્વતંત્ર સાહેદ, પંચ સાહેદ કે જેલના અન્ય કોઇ કર્મચારીના નિવેદનો લેવામા આવેલ નથી.

વધુમાં નામદાર સુપ્રિમકોર્ટે દિંગબંર વૈષ્ણવ વિરુધ્ધ સ્ટેટ ઓફ છતીસગઢ, (૨૦૧૯) ૪ એસ.સી.સી. પરરના ચુકાદામાં ઠરાવેલ છે કે, ફોજદારી કેસમાં અનુમાન કે અટકળના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. તેમજ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાયદાકીય પુરાવનું મુલ્યાં કન લઈ શકે નહી.

વધુમાં કાયદાનો એ સ્થાપિત સિંધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિંધ્ધાંત છે કે, સો ગેનેગારો ભલે છટકી જાય પરંતું કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. આમ ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. એવો જ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે નીચે મુજબના ચુકાદામાં ઠરાવેલ છે.

**In Kailash Gour Vs. State of Assam**

**AIR** 2012 **SC** 786

28. **It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed along distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable**

**and cogent evidence. Presumption of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of Narendra Singh and Anr. v.State of M.P.** (2004) 10 **SCC** 699 **and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors.** (2005) 5 **SCC** 294. **To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors.** (2011) 2 **SCC** 83 **where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."**

આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આતમામ સજાગોમાં સ્વતંત્ર સાહેદોના તથા સાંયોગીક પુરાવાના અભાવે, ફરીયાદમાં જણાવેલ બીજા તમામ આક્ષેપો શંકાસ્પદ બની જાય છે અને તેવી શંકાસ્પદ જુબાની ઉપર આધાર રાખીને, આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ તેમના રેકર્ડ પરના પુરાવા પરથી આ કામના આરોપી સામે આક્ષેપીત ગુનાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપી ને ગુન્હા સાથે

સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપી ને ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપી એ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

< < હુકમ > >

૧. આરોપી પ્રજેશ ઉર્ફે લાલો કીરીટભાઇ છત્રાલાને ક્રીમીન્લ પ્રોસીઝર કોડની ક.૨૫૫(૧) મુજબ જેલ અધિનિયમ ની કલમ–૫૨ ના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. આરોપીએ અપીલ પીરીયડ સુધીના રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂ.દશ હજાર પુરા)ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજ તા.૧૮–૪–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.– ૧૮–૪–૨૦૨૬ (કમલેશકુમાર રમેશભાઈ ગાગનાણી)
રાજકોટ કોડનં.જીજે.૦૧૬૮૭
જયુડી. મેજી. ફ. ક. (મ્યુનિ.) રાજકોટ

K.R.Gagnani
Judicial Magistrate F.C.(Municipal) Rajkot